ભારત અને બ્રિટન વચ્ચે લાંબા સમયથી ચર્ચામાં રહેલો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ આજથી અમલમાં આવ્યો છે. બંને દેશો વચ્ચે થયેલા આ ઐતિહાસિક વેપાર કરારને કારણે આયાત અને નિકાસ પર લાગતા અનેક ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. સરકારના મતે આ કરાર માત્ર વેપાર વધારવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ બંને દેશોની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા, રોકાણ વધારવા અને નવા રોજગાર સર્જવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે. FTA અમલમાં આવતાં બ્રિટનમાંથી ભારત આવતા અનેક ઉત્પાદનોની કિંમતમાં ઘટાડો થવાની શક્યતા છે. ખાસ કરીને લક્ઝરી કાર, સ્કૉચ વ્હિસ્કી, બ્યુટી અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ સહિત અનેક આયાતી વસ્તુઓ ગ્રાહકોને અગાઉની સરખામણીએ ઓછી કિંમતે મળી શકે છે. બીજી તરફ ભારતીય ટેક્સટાઈલ, ફાર્મા, ફૂડ પ્રોડક્ટ્સ, લેધર, ફૂટવેર અને એન્જિનિયરિંગ ઉત્પાદનોને બ્રિટનના બજારમાં વધુ સારી તક મળશે. ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક આર્થિક અને વેપાર સહયોગ વધારવા માટે છેલ્લા કેટલાક વર્ષોથી FTA અંગે ચર્ચા ચાલી રહી હતી. અનેક તબક્કાની વાટાઘાટો બાદ બંને દેશો આ કરાર પર સહમત થયા હતા. જૂનમાં તેની જાહેરાત થયા બાદ હવે તે સત્તાવાર રીતે અમલમાં આવ્યો છે. વેપાર નિષ્ણાતોના મતે, આ કરાર બંને દેશો વચ્ચે વેપારને નવી દિશા આપશે. ટેરિફમાં ઘટાડાથી આયાત-નિકાસ વધુ સરળ બનશે અને બંને દેશોની કંપનીઓને નવા બજારોમાં વિસ્તરણ કરવાની તક મળશે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે આગામી ત્રણથી ચાર વર્ષમાં ભારત અને બ્રિટન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. FTA હેઠળ બ્રિટનમાં મોટા ભાગના ભારતીય ઉત્પાદનો માટે ઝીરો ટેરિફ અથવા ઘટાડેલા ટેરિફની સુવિધા ઉપલબ્ધ થશે. તેના કારણે ભારતીય ટેક્સટાઈલ, ખાદ્ય ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ, લેધર અને ફૂટવેર ઉદ્યોગને સૌથી વધુ લાભ થવાની અપેક્ષા છે.

# કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કોલકાતામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી અને રાજ્યના મંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

પી.આઈ.બી. અમદાવાદ

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન કોલકાતામાં એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી, રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના વિકાસને વેગ આપવા માટે બેઠક દરમિયાન અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા અને જાહેરાતો કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું કે વિકસિત પશ્ચિમ બંગાળ વિના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતનું વિઝન સાકાર થઈ શકે નહીં. રાજ્યની તેમની અગાઉની મુલાકાતોને યાદ કરતા તેમણે કહ્યું કે એક સમયે વિકાસ અટકી ગયો હતો અને કેન્દ્ર સરકારની યોજનાઓ લોકો સુધી અસરકારક રીતે પહોંચવામાં નિષ્ફળ રહી હતી. જો કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને રાજ્યના નવા નેતૃત્વ હેઠળ, પશ્ચિમ બંગાળ હવે વિકાસ અને પ્રગતિના નવા યુગ તરફ આગળ વધી રહ્યું છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટો ભાર; લાંબા સમયથી પડતર પ્રોજેક્ટ્સને મંજૂરી કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો પશ્ચિમ બંગાળમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને વેગ આપવા માટે સાથે મળીને કામ કરી રહી છે. રસ્તા અને હાઈવે, રેલવે, મેટ્રો, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ, કોલસા અને શ્રમ ક્ષેત્રોમાં ૮૨,૦૦૦ કરોડથી વધુના ૧૯ મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી. જમીન સંપાદન, પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R), યુટિલિટી શિફ્ટિંગ, ફોરેસ્ટ ક્લિયરન્સ અને આંતર-વિભાગીય સંકલનને લગતા લાંબા સમયથી પડતર મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સંબંધિત મંત્રાલયો, રાજ્ય સરકાર, જિલ્લા વહીવટીતંત્ર અને અમલીકરણ એજન્સીઓને સંકલિત અને સમયબદ્ધ કાર્યવાહી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો. મંત્રીએ કહ્યું કે અનેક લાંબા સમયથી પડતર પ્રોજેક્ટ્સમાં રહેલા અવરોધોને દૂર કરવામાં આવી રહ્યા છે જેથી તેમનું અમલીકરણ ઝડપી બને અને લાભો લોકો સુધી વહેલી તકે પહોંચે.

શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ આર્થિક વિકાસ, સુધારેલી કનેક્ટિવિટી, રોજગાર સર્જન અને જીવનની બહેતર ગુણવત્તાનો પાયો છે. તેમણે તમામ હિસ્સેદારોને નજીકના સંકલનમાં કામ કરવા અને પ્રોજેક્ટ્સના ઝડપી અમલીકરણ માટે સમયસર નિર્ણયો લેવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રગતિ (PRAGATI) દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની નિયમિત સમીક્ષાનો ઉલ્લેખ કરતા, કેન્દ્રીય મંત્રીએ પશ્ચિમ બંગાળમાં રાજ્ય કક્ષાના પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ (State PMG) ની સ્થાપના કરવાનું પણ સૂચન કર્યું હતું. તેમણે કહ્યું કે આવી વ્યવસ્થા પ્રોજેક્ટ મોનિટરિંગને મજબૂત બનાવશે,

- **વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં પશ્ચિમ બંગાળ નિર્ણાયક ભૂમિકા ભજવશેઃ કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ**
- **અટકેલા પ્રોજેક્ટ્સને મંજૂરી, પશ્ચિમ બંગાળના વિકાસને વેગ આપવા માટે ૮૨,૦૦૦ કરોડનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેકેજઃ શ્રી ચૌહાણ**
- **પશ્ચિમ બંગાળમાં રોજગાર અને આજીવિકા સુરક્ષાને મજબૂત કરવા માટે ૮,૫૦૮ કરોડનું ગ્રામીણ વિકાસ પેકેજ અને VB-G RAM G માળખુંઃ કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ**
- **માલદા ક્લીન પ્લાન્ટ ફેસિલિટી, સીડ હબ અને ચોખા-મકાઈ-ઓર્કિડ વેલ્યુ ચેઈન પશ્ચિમ બંગાળમાં કૃષિ વિકાસના આગામી તબક્કાને વેગ આપશેઃ શ્રી શિવરાજ સિંહ ચૌહાણ**
- **એક લાખ ગ્રામીણ આવાસોને મંજૂરી, મહિલા SHGs માટે ૨૯૫ કરોડ; પાક વીમા અને કિસાન ક્રેડિટ કાર્ડના વિસ્તરણ માટે મોટું અભિયાનઃ શ્રી શિવરાજ સિંહ ચૌહાણ**
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સાથે ખભેખભા મિલાવીને કામ કરશેઃ શ્રી ચૌહાણ**




આંતર-વિભાગીય સંકલનમાં સુધારો કરશે અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો બંનેના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના અમલીકરણને વેગ આપશે.

ગ્રામીણ વિકાસ માટે ૧૨,૦૬૪ કરોડ; VB-G RAM G માળખા હેઠળ રોજગાર સુરક્ષા ગ્રામીણ વિકાસ પ્રત્યે કેન્દ્રની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા શ્રી ચૌહાણે જાહેરાત કરી કે પશ્ચિમ બંગાળ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૮,૫૦૮ કરોડથી વધુની મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારના હિસ્સા સાથે મળીને, કુલ ૧૨,૦૬૪ કરોડથી વધુના સંસાધનો રોજગાર પેદા કરવા અને વ્યાપક ગ્રામીણ વિકાસને ટેકો આપવા માટે ૩૧ માર્ચ સુધી પંચાયતો દ્વારા સીધા પહોંચાડવામાં આવશે. તેમણે કહ્યું કે સરકારનો ઉદ્દેશ્ય હવે માત્ર ૧૦૦ દિવસના રોજગારની બાહેંધરી આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ ૧૨૫ દિવસના રોજગાર તરફ આગળ વધવાનો છે, જે ગ્રામીણ પરિવારોને વધુ આવક સુરક્ષા પૂરી પાડશે અને કુદરતી આફતો અથવા સ્થાનિક કટોકટી દરમિયાન કામની વધારાની તકો સક્ષમ બનાવશે. કેન્દ્રીય મંત્રીએ VB-G RAM G એક્ટ, ૨૦૨૫ નો પણ ઉલ્લેખ કર્યો, જે ૧ જુલાઈથી અમલમાં આવ્યો છે અને ગ્રામીણ રોજગાર અને આજીવિકા માટે એક નવું રાષ્ટ્રીય માળખું સ્થાપિત કરે છે. આ માળખા હેઠળ, પશ્ચિમ બંગાળમાં રસ્તા, તળાવો, લઘુ સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શાળાઓ અને આંગણવાડીની ઈમારતો સહિત ટકાઉ ગ્રામીણ અસ્કયામતો બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

PMAY-G: એક લાખ ગ્રામીણ આવાસોને મંજૂરી; સર્વેક્ષણની અંતિમ તારીખ લંબાવવામાં આવી

શ્રી ચૌહાણે પશ્ચિમ બંગાળ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ એક લાખ આવાસો માટે વચગાળાની મંજૂરીની જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે લાભાર્થીઓના સર્વેક્ષણ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થઈ શક્યા ન હતા. તે મુજબ, તમામ પાત્ર પરિવારોની સચોટ ઓળખ થાય અને કોઈ પાત્ર લાભાર્થી બાકી ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે સર્વેક્ષણની અંતિમ તારીખ ૧૫ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓને નિર્દેશ આપ્યો કે લાભાર્થીઓના સર્વેક્ષણ અને ભૌતિક ચકાસણી બંને એકસાથે ઝડપી બનાવવામાં આવે, સાથે જ એ સુનિશ્ચિત કરવામાં આવે કે ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ આવાસ ફાળવણી શરૂ થઈ જાય જેથી પાત્ર પરિવારોને વહેલી તકે કાયમી આવાસ મળે.

મહિલા સ્વ-સહાય જૂથો (SHGs) માટે ૨૯૫ કરોડની સહાય

દીનદયાલ અંત્યોદય યોજના હેઠળ, શ્રી ચૌહાણે પશ્ચિમ બંગાળમાં મહિલા સ્વ-સહાય જૂથો માટે વધારાની નાણાકીય સહાયની જાહેરાત કરી. આ પેકેજમાં ૨૪૫ કરોડની બેંક ક્રેડિટ અને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ હેઠળ ૫૦ કરોડનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે સમગ્ર પશ્ચિમ બંગાળમાં ગ્રામીણ મહિલાઓ બચત, ક્રેડિટ અને સૂક્ષ્મ-ઉદ્યોગો દ્વારા ઘરગથ્થુ અર્થતંત્રને બદલી રહી છે. વધારાની નાણાકીય સહાય ઉત્પાદન, પ્રોસેસિંગ, વેલ્યુ એડિશન અને માર્કેટિંગમાં તેમની ભાગીદારીને મજબૂત બનાવશે, જેનાથી આજીવિકાની નવી તકો ઊભી થશે અને ગ્રામીણ આવકમાં વધારો થશે.

## પંચાયતી રાજ મંત્રાલય સાત રાજ્યોમાં વર્ચ્યુઅલ આઉટરીચ વર્કશોપ દ્વારા પંચાયતોની નાણાકીય આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપે છે

### ઓન સોર્સ રેવન્યુ - OSRના માપદંડો પૂર્ણ કરતી પંચાયતોને આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ હેઠળ નવીન પ્રોજેક્ટ દરખાસ્તો સબમિટ કરવા આમંત્રિત કરાઈ

પી.આઈ.બી. અમદાવાદ

પંચાયતી રાજ મંત્રાલયે ૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૨૬ના રોજ આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ હેઠળ વર્ચ્યુઅલ આઉટરીચ વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં સાત રાજ્યો એટલે કે છત્તીસગઢ, પંજાબ, આસામ, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના સહભાગીઓને એકસાથે લાવવામાં આવ્યા હતા. આ વર્કશોપે સહભાગીઓને ઉન્નત પોતાના સ્ત્રોતની આવક (OSR) દ્વારા નાણાકીય રીતે આત્મનિર્ભર પંચાયતોને મજબૂત કરવાના વિઝન, ઉદ્દેશ્યો અને અમલીકરણ માળખાથી પરિચિત કર્યા હતા. સહભાગીઓને તેમના સંદેશમાં પંચાયતી રાજ મંત્રાલયના સચિવ શ્રી વિવેક ભારદ્વાજે પંચાયતી રાજ સંસ્થાઓને ટકાઉ આવકના પ્રવાહો ઊભા કરવા માટે સ્થાનિક સંસાધનો અને નવીન વિચારોનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નાણાકીય રીતે સશક્ત પંચાયતો એ વિકસિત ભારતનો પાયો છે. તેમણે પંચાયતોને આવા વિચારોને સફળ, સ્વયં-ટકાઉ પ્રોજેક્ટ્સમાં રૂપાંતરિત કરવામાં અને નાણાકીય આત્મનિર્ભરતા તરફ આત્મવિશ્વાસપૂર્ણ પગલાં ભરવામાં મદદ કરવા માટે મંત્રાલયના સતત તકનીકી માર્ગદર્શન અને સમર્થનની સહભાગીઓને ખાતરી આપી હતી.

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) હેઠળ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા સંચાલિત આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમનો ઉદ્દેશ્ય પંચાયતોની પોતાના સ્ત્રોતની આવક (OSR) ને મજબૂત કરીને તેમની નાણાકીય આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમ હેઠળ, એક પારદર્શક રાષ્ટ્રીય પડકાર પ્રક્રિયા દ્વારા, પંચાયતોને સ્થાનિક શક્તિઓ પર આધારિત નવીન આવક-જનરેટિંગ પ્રોજેક્ટ્સ માટેના વિચારો સબમિટ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે જે બિનઉપયોગી અસ્કયામતો અને વણવપરાયેલી સ્થાનિક તકોને ઉત્પાદક ઉપયોગમાં લાવે છે. ઓછામાં ઓછી રૂ. ૫૦ લાખ ની OSR ધરાવતી ગ્રામ પંચાયતો અને ઓછામાં ઓછી રૂ. ૧ કરોડની OSR ધરાવતી બ્લોક પંચાયતો, બંને કે જેમની પાસે ઓછામાં ઓછી ૩ વર્ષની મુદત બાકી હોય, તેઓ અરજી કરવા માટે પાત્ર છે. પસંદ કરેલી દરખાસ્તોને બેંકેબલ પ્રોજેક્ટ્સમાં વિકસાવવા માટે તકનીકી સહાય પ્રાપ્ત થાય છે, જેમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી, બેંક ફાઈનાન્સ અને સરકારી યોજનાઓ સાથેના જોડાણ (કન્વર્જન્સ) દ્વારા ભંડોળની સુવિધા પૂરી પાડવામાં આવે છે. નાબાર્ડ (NABARD) અને હડકો (HUDCO) આ કાર્યક્રમના સંસ્થાકીય ભાગીદારો છે.

### સાંકેતિક કબ્જા નોટીસ

**ICICI Bank** શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., પ્લોટ નં.૨૩, શાલ ટાવર, ત્રીજો માળ, નવા રોહતક રોડ, કારોલ બાગ, નવી દિલ્હી-૧૧૦૦૦૫

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ )રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર | મિલકતોની વિગતો / સાંકેતિક કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| 1. | મનસુરી અકબરઅલી અનવરઅલી/ સબિનાબાનુ અકબરઅલી મનસુરી/ TBJAI00007214002/ TBJAI00007214003 | યુનિટ નં.ટીબી-૯૦૫, નવમો માળ, બ્લોક ટોપાઝ - બી, અર્બના જ્વેલ્સની અંદર, ખાસરા નં.૧૯ થી ૨૫, ૯૮ થી ૧૦૧, ૧૦૪ થી ૧૦૮ અને ૧૧૭ ખાતે સ્થિત, ઓફ સેઝ રોડ, મુહાના ટર્મિનલ માર્કેટ સામે, સંગાનેર ગામ, મદરામપુરા, જયપુર, રાજસ્થાન, જયપુર-૩૦૨૦૧૩. /૧૪-૦૭- ૨૦૨૬ | March 26, 2026 Rs. 37,47,083/- | જયપુર / મોડાસા |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : જુલાઈ ૧૭, ૨૦૨૬
સ્થળ : મોડાસા

નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા,
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે

### સિહોરા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

Sihora INDUSTRIES LIMITED
CIN: L13999GJ2023PLC143747
**રજિસ્ટર્ડ ઓફિસ :** પીએલ ૩૪/ડી/૧, લક્ષ્મીનારાયણ, બીઆરસી કમ્પાઉન્ડ, ઉધના, સુરત, માંગરોળ, ગુજરાત – ૩૯૪૨૧૦.
**ઈમેલ :** compliance@sihoragroup.com, **વેબસાઈટ :** www.sihoragroup.com, **ફોન :** +91 98241 52000.

**ફોર્મ PAS-1**

(કંપની અધિનિયમ, 2013 ની કલમ 27(1) તથા કંપનીઓ (પ્રોસ્પેક્ટસ અને સિક્યોરિટીઝના એલોટમેન્ટ) નિયમો, 2014 ના નિયમ 7(2) અનુસાર)

~~પ્રોસ્પેક્ટસમાં ઉલ્લેખિત કોઈપણ કરારની શરતોમાં ફેરફાર કરવા અથવા~~ જે હેતુઓ માટે પ્રોસ્પેક્ટસ જારી કરવામાં આવ્યો હતો તે હેતુઓમાં ફેરફાર કરવા અંગેના વિશેષ ઠરાવની સૂચનાની વિગતો આપતી જાહેરાત

| | |
|---|---|
| **કોર્પોરેટ ઓળખ નંબર (CIN) :** | L13999GJ2023PLC143747 |
| **કંપનીનું નામ :** | સિહોરા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ |
| **રજિસ્ટર્ડ ઓફિસ :** | પીએલ ૩૪/ડી/૧, લક્ષ્મીનારાયણ, બીઆરસી કમ્પાઉન્ડ, ઉધના, સુરત, માંગરોળ, ગુજરાત – ૩૯૪૨૧૦ |

**જાહેર સૂચના**

આથી જાહેર કરવામાં આવે છે કે તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના પ્રોસ્પેક્ટસ હેઠળ જારી કરાયેલા ઉદ્દેશોમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્રોસ્પેક્ટસ અંતર્ગત રૂ. ૧૦ મૂલ્યના ૧૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેરો પ્રતિ શેર રૂ. ૬૬.૦૦ ના ઈશ્યૂ ભાવથી જારી કરવામાં આવ્યા હતા, જેની કુલ રકમ રૂ. ૧,૦૫૬.૦૦ લાખ થાય છે.
ઉક્ત ઠરાવના અનુસંધાનમાં વધુમાં આથી સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત પ્રસ્તાવને મંજૂરી આપવા માટે પોસ્ટલ બેલેટ દ્વારા વિશેષ ઠરાવ પસાર કરવામાં આવશે.
આવા ફેરફાર / સુધારાની વિગતો નીચે મુજબ છે:

| | | |
|---|---|---|
| 1. | **ફેરફાર / સુધારો કરવામાં આવનાર કરારોની શરતો / હેતુઓની વિગતો** | ૧. વધારાના પ્લાન્ટ અને મશીનરીની ખરીદી માટેના મૂડી ખર્ચનું ભંડોળ – જેની વિગત તા. ૦૬ ઓક્ટોબર, ૨૦૨૫ના પ્રોસ્પેક્ટસના પાના નં. ૭૩ થી ૭૫માં વધુ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે.<br>૨. જાહેર ઈશ્યૂ સંબંધિત ખર્ચ |
| 2. | **પ્રસ્તાવિત ફેરફાર / સુધારાની વિગતો** | • ₹ ૬૦.૫૦ લાખની જે રકમનો ઉપયોગ કરવામાં આવ્યો નથી તેનો ઉપયોગ નવી મશીનરી, એટલે કે ક્રોશેટ નિટેડ મશીનો, કોઈલિંગ મશીનો અને સ્ટિચિંગ મશીનોની ખરીદી માટે કરવામાં આવશે તથા બાકીની રકમ કંપનીના આંતરિક સંચય અથવા કંપની દ્વારા લેવામાં આવેલી અથવા ભવિષ્યમાં લેવામાં આવનાર સુરક્ષિત અથવા અસુરક્ષિત લોનમાંથી પૂરી કરવામાં આવશે.<br>• ₹ ૩.૨૪ લાખની રકમ જાહેર ઈશ્યૂ સંબંધિત ખર્ચના જે રકમનો ઉપયોગ કરવામાં આવ્યો નથી તેનો ઉપયોગ નવી મશીનરી માટેના મૂડી ખર્ચ (Capital Expenditure) હેઠળ પુનઃફાળવવામાં આવશે. |
| 3. | **ફેરફાર માટેના કારણો / ઔચિત્ય** | ઉપરોક્ત નવી મશીનરીના સ્થાપન માટે બાકી રહેલી ઈશ્યૂની રકમનો ઉપયોગ કરવામાં આવ્યા બાદ કંપનીની આવક તથા રોકડ પ્રવાહમાં લાંબા ગાળે સુધારો થશે તેવી કંપનીના મેનેજમેન્ટની ધારણા છે. કંપનીના મેનેજમેન્ટનું માનવું છે કે ઈશ્યૂના હેતુઓમાં પ્રસ્તાવિત ફેરફારથી IPOમાંથી પ્રાપ્ત થયેલી રકમનો શ્રેષ્ઠ અને અસરકારક ઉપયોગ સુનિશ્ચિત થશે તથા સભ્યોને તેમના રોકાણ પર મહત્તમ વળતર પ્રાપ્ત થશે.<br>બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા મેનેજમેન્ટનો હેતુ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થયેલી રકમનો પૂરતો અને યોગ્ય ઉપયોગ કરીને શેરધારકોના મૂલ્યમાં વધારો કરવાનો છે, જેના પરિણામે કંપનીની નફાકારકતામાં વૃદ્ધિ થશે. |
| 4. | **કંપનીની નાણાકીય સ્થિતિ પર પ્રસ્તાવિત ફેરફાર / સુધારાની અસર** | પ્રસ્તાવિત સંપાદનના પરિણામે કંપની ઝિપર ઉત્પાદન માટે એક સંકલિત ઉત્પાદન પ્રક્રિયા સ્થાપિત કરી શકશે. તેમાં કંપનીની હાલની નીડલ લૂમ મશીનો દ્વારા વણાયેલા ઝિપર ટેપ તેમજ અન્ય નેરો-વોવન ટેક્સટાઈલ ઉત્પાદનોનું ઉત્પાદન, હાલની તથા પ્રસ્તાવિત ક્રોશેટ નિટિંગ મશીનો દ્વારા ક્રોશેટ ઝિપર ટેપ તેમજ અન્ય ક્રોશેટ-નિટેડ ઉત્પાદનોનું ઉત્પાદન, પ્રસ્તાવિત કોઈલિંગ મશીનો દ્વારા સતત ઝિપર કોઈલનું આંતરિક ઉત્પાદન તથા પ્રસ્તાવિત સ્ટિચિંગ મશીનો દ્વારા તે ઝિપર કોઈલોને યોગ્ય વણાયેલા અથવા ક્રોશેટ ઝિપર ટેપ સાથે સીવીને તૈયાર કરવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. પરિણામે, કંપની મૂલ્યવર્ધિત ઉત્પાદન પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે અને જરૂરી આનુષંગિક, એસેમ્બલી તથા ફિનિશિંગ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ તેના હાલના તેમજ અન્ય ઉત્પાદનોની સાથે ઝિપર ચેઈન અને તૈયાર ઝિપરને પણ તેના ઉત્પાદન પોર્ટફોલિયોમાં સામેલ કરી શકશે.<br>પ્રસ્તાવિત વિસ્તરણથી કંપનીના હાલના ઉત્પાદન પોર્ટફોલિયોમાં મૂલ્યવર્ધન થશે, ઉત્પાદન શ્રેણીમાં વૈવિધ્યતા આવશે, એકંદર ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તથા કાર્યક્ષમતામાં સુધારો થશે તેવી અપેક્ષા છે. વધુમાં, કંપનીને ઉત્પાદનની ગુણવત્તા, ઉત્પાદન આયોજન અને સમયસર ડિલિવરી પર વધુ નિયંત્રણ પ્રાપ્ત થશે, બહારથી ખરીદવામાં આવતા ઝિપર ઘટકો પરની નિર્ભરતા ઘટશે તથા હાલની અને પ્રસ્તાવિત ઉત્પાદન સુવિધાઓનો વધુ અસરકારક ઉપયોગ થઈ શકશે. આ ઉપરાંત, પ્રસ્તાવિત વિસ્તરણ કંપનીને બજારમાં પ્રવર્તમાન માંગ અને ગ્રાહકોની જરૂરિયાતોને અનુરૂપ તેના ઉત્પાદન મિશ્રણમાં લવચીકતા જાળવવામાં મદદરૂપ થશે તેમજ ગાર્મેન્ટ, લગેજ, ફૂટવેર, હોમ ફર્નિશિંગ અને અન્ય સંબંધિત ઉદ્યોગોમાં વધુ વ્યાપક ગ્રાહકવર્ગને સેવા પૂરી પાડવામાં સક્ષમ બનાવશે. |
| 5. | **મુખ્ય જોખમ પરિબળો** | પ્રસ્તાવિત મશીનરીના સંપાદનથી અપેક્ષિત લાભો પર સરકારી નીતિઓમાં થતા ફેરફારો, આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તન, ગ્રાહકો પાસેથી લેણાંની વસૂલાતમાં વિલંબ, કામગીરીને અસર કરતી અણધારી ઘટનાઓ અને અકસ્માતો ની પ્રતિકૂળ અસર થઈ શકે છે. આવી કોઈપણ ઘટના પ્રસ્તાવિત વિસ્તરણના સમયસર અમલીકરણ, સંપાદિત મશીનરીના અસરકારક ઉપયોગ, ઉત્પાદનના સ્તર, સંચાલન ખર્ચ, રોકડ પ્રવાહ તથા પ્રસ્તાવિત રોકાણમાંથી અપેક્ષિત લાભો પ્રાપ્ત કરવાની કંપનીની ક્ષમતાને પ્રતિકૂળ રીતે અસર કરી શકે છે. |
| 6. | **પ્રસ્તાવિત ફેરફાર / સુધારાના વિરોધમાં મત આપનાર ડિરેક્ટરોના નામ** | કંપનીના કોઈપણ ડિરેક્ટરે પ્રસ્તાવિત ફેરફાર / સુધારાના વિરોધમાં મતદાન કર્યું નથી. |

કોઈપણ રસ ધરાવતી વ્યક્તિ કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ ખાતે અથવા કંપનીના કંપની સેક્રેટરી શ્રીમતી ધારા જતિન વઘાસિયાની કચેરી ખાતે, પ્લોટ નં. ૩૪/ડી-૧, લક્ષ્મીનારાયણ, બીઆરસી કમ્પાઉન્ડ, ઉધના, માંગરોળ, સુરત – ૩૯૪૨૧૦, ગુજરાત, ભારત ખાતે વિશેષ ઠરાવની નકલ તથા તેની સાથેનું સ્પષ્ટીકરણ નિવેદન નિઃશુલ્ક મેળવી શકે છે અથવા તેની નકલ મેળવવા માટે કંપનીની વેબસાઈટ www.sihoragroup.com ની મુલાકાત લઈ શકે છે.

**સ્થળ : સુરત**
**તારીખ : ૧૭/૦૭/૨૦૨૬**

**સિહોરા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,**
**ગૌતમ સિહોરા,**
**ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર,**
**ડીઆઈએન: ૧૦૨૭૫૨૩૧**

### ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

Truhome FINANCE
**હેડ ઓફિસ :** લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, જી-બ્લોક, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
**ટેલિ. નં.** ૧૮૦૦ ૧૦૨ ૪૩૪૫, **વેબસાઈટ :** http://www.truhomefinance.in
**રજીસ્ટર્ડ ઓફિસઃ** શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.

**પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૧) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.** આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે મિલકત **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે. **ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** ને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટુંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

| ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ | ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ | અનામત કિંમત (રૂા.) અને બીડ વધારવાની રકમ | હરાજીની તારીખ, સમય | સંપર્ક વ્યકિતનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ) |
|---|---|---|---|---|
| **(૧). વાલા મહેશભાઈ કાંતિલાલ, (૨). વાલા હેતલ મહેશભાઈ, હાલનું સરનામું :-** ફલેટ નં. એ/૭, ગ્રાઉન્ડ ફલોર, નવીન ટાવર્સ, આજી રીવર ફ્રન્ટ, પારેવડી ચોકની પાસે, કુવાડવા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. **કાયમી સરનામું :-** મેરી ગોલ્ડ રેસીડેન્સી, નંદનવન, જામનગર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૬. **બિઝનેશનું સરનામું :-** મહાવીર મેટલ, દુકાન નં. ૧, પ્રમુખ દર્શન કોમ્પ્લેક્ષ, જુનો મોરબી રોડ, સેટેલાઈટ ચોક, ગીરીરાજ પાર્ટી પ્લોટની પાછળ, રાજકોટ - ૩૬૦૦૦૩. **મિલકતનું સરનામું :-** શ્રીનાથજી પાર્ક, ધવલ સ્કુલની સામે, યમુનાનગરની સામે, જેતલસર રોડ, મું. પેઢલા, તાલુકો - જેતપુર, જીલ્લો - રાજકોટ. **કાયમી સરનામું :-** વાલા હેતલ મહેશભાઈ, સુખ સાગર પાર્ક - ૨, પ્લોટ નં. ૨૪, મોરબી રોડ, રેલ્વે ક્રોસીંગની પાસે, રાજકોટ - ૩૬૦૦૦૧. **Loan Account No. SLPHRAJT0000108** પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર: **૨૬/૦૬/૨૦૨૬, પ્રત્યક્ષ કબજો** બોજો જાણમાં: **જાણમાં નથી** | ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૩/૦૧/૨૦૨૬ રૂા. ૧૦,૬૪,૭૩૯/- (રૂા. દસ લાખ ચોસઠ હજાર સાતસો ઓગણચાલીસ પુરા), તા. ૧૩/૦૧/૨૦૨૬ ના સુધી, લોન એકાઉન્ટ નં. SLPHRAJT 0000108 | **રૂા. ૯,૫૪,૧૦૯/- (રૂા. નવ લાખ ચોપન હજાર એકસો નવ પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- અને દરેકના ગુણાંકમાં** **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** **રૂા. ૯૫,૪૧૦/- (રૂા. પચ્ચાણું હજાર ચારસો દસ પુરા), ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી** | **તા. ૨૫.૦૮. ૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** | **મેહુલ પરમાર ૮૪૯૦૯૬૪૩૬૪ દેબજ્યોતિ રોય ૯૮૭૪૭ ૦૨૦૨૧ મિલકતનું નિરીક્ષણ તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** |

**મિલકતનું વર્ણન**

**મિલકત નં. ૧ :-** રહેણાંક પ્લોટના એરીયાનું ક્ષેત્રફળ ૮૯.૯૨ સ્કે.મી., પ્લોટ નં. ૬૯, શ્રી નાથજી પાર્ક થી જાણીતો એરીયા, આર.એસ. નં. ૨૪૦/૨પી ૧, ગામ - પેઢલા, તાલુકો - જેતપુર, જીલ્લો - રાજકોટ. **ચતુઃસીમા :- ઉત્તરે :** પ્લોટ નં. ૬૮, **દક્ષિણે :** પ્લોટ નં. ૭૦, **પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** આર.એસ. નં. ૨૪૨.
**મિલકત નં. ૨ :-** રહેણાંક પ્લોટના એરીયાનું ક્ષેત્રફળ ૧૬૯.૫૨ સ્કે.મી., પ્લોટ નં. ૯, શ્રી નાથજી પાર્ક થી જાણીતો એરીયા, આર.એસ. નં. ૨૪૦/૨પી ૧, ગામ - પેઢલા, તાલુકો - જેતપુર, જીલ્લો - રાજકોટ. **ચતુઃસીમા :- ઉત્તરે :** કોમન પ્લોટ, **દક્ષિણે :** પ્લોટ નં. ૮, **પૂર્વે :** પ્લોટ નં. ૭, **પશ્ચિમે :** રોડ.

| ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ | ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ | અનામત કિંમત (રૂા.) અને બીડ વધારવાની રકમ | હરાજીની તારીખ, સમય | સંપર્ક વ્યકિતનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ) |
|---|---|---|---|---|
| **(૧). મે. હરેક્રિષ્ના ટેક્ષ્ટાઈલ્સ, (૨). જગદ હરેક્રિષ્ના વી., (૩). જગદ પૂજાબેન વિજયભાઈ, હાલનું અને કાયમી અને બિઝનેશનું સરનામું :- મે. હરેક્રિષ્ના ટેક્ષ્ટાઈલ્સ, પ્રો. જગદ હરેક્રિષ્ણા વી,** ભડાર ના સામે કાંઠે, સુરેશ પ્રિન્ટની સામે, હંસરાજનગર, જેતપુર, ગુજરાત - ૩૬૦૩૭૦. **હાલનું અને કાયમી સરનામું :** બી/૧૦, બાલાજી એપાર્ટમેન્ટ, ધોરાજી રોડ, જેતપુર, જીલ્લો - રાજકોટ - ૩૬૦૩૭૦. **મિલકતનું સરનામું :** પ્લોટ નં. ૧૬/પી, બ્લોક નં. ૨, શકિત સોસાયટીસ પંચનાથ મહાદેવ મંદિરની પાસે, જુનો પાંચપીપળા રોડ, પટેલ પ્રોવિઝન, જેતપુર. **Loan Account No. SLPHJTPR0000206.** પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર: **૨૬/૦૬/૨૦૨૬, પ્રત્યક્ષ કબજો** બોજો જાણમાં: **જાણમાં નથી** | ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૮/૧૦/૨૦૨૬ રૂા. ૯,૯૧,૮૩૪/- (રૂા. નવ લાખ એકાણું હજાર આઠસો ચોત્રીસ પુરા) તા. ૦૮/૧૦/૨૦૨૫, લોન એકાઉન્ટ નં. SLPHJTPR 0000206 | **રૂા. ૧૧,૦૦,૫૦૦/- (રૂા. અગિયાર લાખ પાંચસો પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- અને દરેકના ગુણાંકમાં** **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** **રૂા. ૧,૧૦,૦૫૦/- (રૂા. પચ્ચાણું હજાર ચારસો દસ પુરા), ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી** | **તા. ૨૫.૦૮. ૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** | **મેહુલ પરમાર ૮૪૯૦૯૬૪૩૬૪ દેબજ્યોતિ રોય ૯૮૭૪૭ ૦૨૦૨૧ મિલકતનું નિરીક્ષણ તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** |

**મિલકતનું વર્ણન**

રહેણાંક મિલકતનો જેતપર, આર.એસ. નં. ૯૬૩ પૈકી એ, ૨-૨૦ જી. એન.એ. જમીન પૈકી પ્લોટ નં. ૧૬ પૈકી, ૪૨-૦૦ સ્કે.મી., સ્કે.યાર્ડ. ૫૨-૦૦, બ્લોક નં. ૨, જે સ્થિત જેતપુર, જીલ્લો - રાજકોટ. **મિલકતની ચતુઃસીમા :- પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** જમીનનો આર.એસ. નં. ૯૬૩ પૈકી, **ઉત્તરે :** મિલકતનો પ્લોટ નં. ૧૬ પૈકી બ્લોક નં. ૩, **દક્ષિણે :** મિલકતનો પ્લોટ નં. ૧૬ પૈકી બ્લોક નં. ૧.

| ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ | ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળ બાકી રકમ | અનામત કિંમત (રૂા.) અને બીડ વધારવાની રકમ | હરાજીની તારીખ, સમય | સંપર્ક વ્યકિતનું વર્ણન (અધિકૃત અધિકારી અને ટીમ) |
|---|---|---|---|---|
| **(૧). રાઠોડ દિપકભાઈ પી., (૨). રાઠોડ હર્ષાબેન, હાલનું અને કાયમી સરનામું :-** ચામુંડા કૃપા, ખારવાડ પ્લોટ, વીરપુર (જલારામ), તાલુકો - જેતપુર, જીલ્લો - રાજકોટ - ૩૬૦૩૮૦. **બિઝનેશનું સરનામું :-** દુકાન નં. ૧, ડૉ. ચંદુભાઈ હોસ્પિટલ સામે, મું. વીરપુર, તાલુકો - જેતુપર, જીલ્લો - રાજકોટ - ૩૬૦૩૮૦. **મિલકતનું સરનામું :-** ચામુંડા સેલ્સ એજન્સી, દુકાન નં. ૨, ચામુંડા ચોક ની પાસે, ચંદુભાઈ ડોકટર મેડીકલની સામે, જેતપુર રોડ, મું. વીરપુર, જીલ્લો - રાજકોટ - ૩૬૦૩૮૦. પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર: **૨૬/૦૬/૨૦૨૬, પ્રત્યક્ષ કબજો** બોજો જાણમાં: **જાણમાં નથી** | ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૩/૦૧/૨૦૨૬ રૂા. ૧૬,૩૭,૪૨૯/- (રૂા. સોળ લાખ સાડત્રીસ હજાર ચારસો ઓગણત્રીસ પુરા), તા. ૧૨/૦૧/૨૦૨૬ ના સુધી, લોન એકાઉન્ટ નં. SLPHJTPR 0000385 | **રૂા. ૨૦,૫૨,૦૦૦/- (રૂા. વીસ લાખ બાવન હજાર પુરા), બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- અને દરેકના ગુણાંકમાં** **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** **રૂા. ૨,૦૫,૨૦૦/- (રૂા. બે લાખ પાંચ હજાર બસ્સો પુરા), ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી** | **તા. ૨૫.૦૮. ૨૦૨૬ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** | **મેહુલ પરમાર ૮૪૯૦૯૬૪૩૬૪ દેબજ્યોતિ રોય ૯૮૭૪૭ ૦૨૦૨૧ મિલકતનું નિરીક્ષણ તા. ૨૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી** |

**મિલકતનું વર્ણન**

કોમર્શિયલ મિલકતનો વીરપુર, સી.એસ. શીટ નં. ૧૦, સી.એસ. નં. ૯૯૯, કુલ ક્ષેત્રફળ ૧૬૧૫-૯૫ સ્કે.મી., દુકાન નં. ૨, ક્ષેત્રફળ ૧૦-૦૦ સ્કે.મી., જે સ્થિત મું. વીરપુર, તાલુકો - જેતપુર, જીલ્લો - રાજકોટ. **ચતુઃસીમા :- પૂર્વે :** માન પેલેસ, **પશ્ચિમે :** રોડ, **ઉત્તરે :** માન પેલેસ નો ગેટ, **દક્ષિણે :** દુકાન નં. ૩.

(૧). વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, અન્ય માહિતી માટે ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ) ની વેબસાઈટ ની પણ મુલાકાત લઈ શકે છે.
(૨). ઈચ્છુક બોલી લગાવનારાઓએ RTGS / NEFT દ્વારા જમા કરાવવા માટે તેમની EMD રકમ નીચે દર્શાવેલ ખાતાની વિગતોમાં જમા કરાવવાની રહેશે : બેંકનું નામ : એક્સિસ બેંક લિમિટેડ, શાખા, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ, શાખા એકાઉન્ટ નં. ચાલુ એકાઉન્ટ નં. 911020045677633, IFCS CODE : UTIB0000230.
(૩). મોર્ગેજરો / ઉધારકર્તાઓને હરાજી પહેલા વધુ વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, જો તેમાં નિષ્ફળતા ઉપરના સમયપત્રક મુજબ સુરક્ષીત મિલકતના વેચાણ કરવામાં આવશે.
(૪). મહેરબાની કરીને નોંધ કરો કે સુકક્ષીત લેણદાર ઝડપ / રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તમામ ઉધારકર્તાઓ / જામીનદારો / મોર્ગેજરોને વેચાણ નોટીસ ઈશ્યુ કરશે. જો તે કોઈપણ પક્ષકારો દ્વારા પ્રાપ્ત ન થાય, તો વેચાણની સુચનાના આ પ્રકાશનને સેવાના અવેજી મોડ તરીકે ગણવામાં આવશે.

**સ્થળ : રાજકોટ**
**તારીખ : ૧૭-૦૭-૨૦૨૬**

**સહી/-, અધિકૃત અધિકારી, ટ્રુહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)**